### કપડવંજના વાટડાથી અલવા સુધીની કેનાલ પાકી કરવા અને નિયમિત પાણી છોડવાની માંગ

# કપડવંજની 14 કિમી લાંબી ધામણી કેનાલ હજુય કાચી રહેતાં રજૂઆત

**તરસી ધરતી અને** તંત્રની ઉદાસીનતા સામે ખેડૂતો ગાંધીનગર પહોંચ્યા

(પ્રતિનિધિ) કપડવંજ તા.15

કપડવંજ તાલુકાના ખેડૂતો માટે જીવાદોરી સમાન ધામણી નદી પરની કેનાલ વર્ષો વીતવા છતાં હજુ પણ કાચી હોવાથી ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સિંચાઈના પાણી માટે વલખાં મારતા ખેડૂતોની ધીરજ હવે ખૂટી રહી છે, જેના પરિણામે આખરે વિવિધ ગામોના સરપંચો અને આગેવાનોએ ધારાસભ્ય અને મંત્રીઓના કાફલા સાથે છેક ગાંધીનગર પહોંચી મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.

કપડવંજમાં 14 કિમી સુધી પાણી પહોંચાડવામાં નિષ્ફળ નાની સિંચાઈ વિભાગ, નડિયાદ હસ્તકની આ 14 કિમી લાંબી કેનાલ (વાટડાથી અલવા) હાલ અત્યંત દયનીય અને કાચી હાલતમાં છે. આ કાચી કેનાલના કારણે પાણીનો વ્યય થાય છે અને છેવાડાના ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચતું જ નથી. ખેડૂતોની વારંવારની માંગણીઓ છતાં તંત્ર દ્વારા આ કેનાલને પાકી કરવાની



કોઈ તસ્દી લેવામાં આવી નથી, જેને કારણે ખેતી અને પશુપાલન પર નિર્ભર પરિવારોમાં રોષ ફાટી નીકળ્યો છે. આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે કપડવંજ ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા, ખેડા જિલ્લાના પ્રભારી મંત્રી રમણભાઈ સોલંકી અને રાજ્યકક્ષાના મંત્રી સંજયસિંહ મહિડાની સીધી આગેવાનીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળી રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆત દરમિયાન આગેવાનોએ સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, જો કેનાલ વહેલી તકે પાકી કરવામાં નહીં આવે અને નિયમિત પાણી નહીં છોડાય તો ખેડૂતોની હાલત કફોડી બની જશે.

આ રજૂઆતમાં ધુળસિંહ સોલંકી, ગણપતસિંહ રાઠોડ, એલ.એસ. ઝાલા, બાબુભાઈ પરમાર, મફતભાઈ ઝાલા, ગોપાલભાઈ પટેલ સહિત વિવિધ ગામોના સરપંચો અને તાલુકા સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જોકે, સમગ્ર રજૂઆત સાંભળ્યા બાદ મુખ્યમંત્રીએ હકારાત્મક અભિગમ દાખવ્યો હતો.

### પાંચ શહેરોની ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી

# હલધરવાસ પાસે 'બ્લ્યુ બેલ પ્લાસ્ટ' કંપનીમાં ભીષણ આગ

**કર્મચારીઓમાં** નાસભાગ, કોઈ જાનહાનિ નહીં



(પ્રતિનિધિ) નડિયાદ તા.15

મહેમદાવાદ તાલુકામાં આવેલા હલધરવાસ ગામ પાસે કાર્યરત 'બ્લ્યુ બેલ પ્લાસ્ટ' નામની પ્લાસ્ટિકની કંપનીમાં આજે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. પ્લાસ્ટિકનો જથ્થો હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા, જેના કારણે કંપનીમાં કામ કરી રહેલા શ્રમિકોમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી.

મહેમદાવાદ પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્ર આગની ગંભીરતાને ધ્યાને રાખી તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યું હતું. શરૂઆતમાં મહેમદાવાદ અને કઠલાલની ફાયર ટીમો પહોંચી હતી, પરંતુ આગ કાબૂ બહાર હોવાથી મહેમદાવાદ, કઠલાલ, કપડવંજ, નડિયાદ અને છેક અમદાવાદથી ફાયર ફાઈટરોની ગાડીઓ ઘટનાસ્થળે બોલાવવામાં આવી છે. હાલ તમામ ટીમો દ્વારા યુદ્ધના ધોરણે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી ચાલુ છે.

સદનસીબે આ દુર્ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ આગ સંપૂર્ણપણે બુઝાયા બાદ જ કંપનીને થયેલા આર્થિક નુકસાન અને કારણ વિશે વધુ વિગતો સ્પષ્ટ થશે.,

# ખેડામાં બે અકસ્માતમાં બે મહિલાના કરુણ મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.15

નડિયાદ અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા 24 કલાકમાં સર્જાયેલા બે અલગ-અલગ અકસ્માતોમાં બે મહિલાઓએ પોતાના જીવ ગુમાવ્યા છે, આ અંગે સ્થાનિક પોલીસ મથકોમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વડોદરામાં રહેતા અને માર્કેટિંગ તેમજ પનીર ફેક્ટરીના વ્યવસાય સાથે સંકળાયેલા નિકિતાબેન હરેશભાઈ ખોપડે (34) તેમના બિઝનેસ પાર્ટનર કેતુલ પરમાર સાથે અમદાવાદથી મિટિંગ પતાવી મારુતિ કારમાં વડોદરા પરત ફરી રહ્યા હતા. નડિયાદ ટોલનાકા નજીક સર્વિસ રોડ પર ઉભેલી એક બસ જેવી વાહનની ખુલ્લી ચેસીસ પાછળ તેમની કાર ધડાકાભેર અથડાઈ હતી અને ત્યારબાદ પાછળ આવતી અન્ય એક ગાડી સાથે પણ ટકરાઈ હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા નિકિતાબેનનું હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. પોલીસે કાર ચાલક કેતુલ પરમાર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડા તાલુકાના સાદરા ગામના કિશનભાઈ ચુનારા પોતાની પત્ની અને માતા મધુબેન સાથે મોટરસાયકલ પર ખરીદી કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. ખેડા-ધોળકા રોડ પર હરિયાળા ગુરુકુળ સામે એક અજાણ્યા ટ્રક ચાલકે મોટરસાયકલને ટક્કર મારતા 60 વર્ષીય મધુબેન ભીખાભાઈ ચુનારાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જી ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો, જેની શોધખોળ ખેડા ટાઉન પોલીસ કરી રહી છે.

### પૂર્ણ વંદેમાતરમ ગાન, સરદાર સ્મૃતિ તથા સનાતન સંસ્કૃતિનુ સ્મરણ

# ધર્મજ ડે માટે ચરોતરની માટીના રંગ એટલે કે બ્રાઉન રંગની થીમ

**સરદાર પટેલની** 150મી જન્મ જયંતીને ધ્યાનમાં રાખી વર્ષ દરમ્યાન તે મુજબના કાર્યક્રમો કરવામાં આવ્યા

(પ્રતિનિધિ) આણંદ, તા. 15

દર વર્ષે સ્વામી વિવેકાનંદ જયંતીના રોજ તા. 12મી જાન્યુઆરીના દિવસે છેલ્લા 20 વર્ષથી સતત "ધર્મજ ડે" ઉજવણી નિયમિત થાય છે.

આ વર્ષની ઉજવણીમાં સરદાર પટેલની 150મી જન્મ જયંતીને ધ્યાનમાં રાખી વર્ષ દરમ્યાન તે મુજબના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. જેમાં ગામની શાળાઓમાં સરદારના 1815 પુસ્તકો ભેટ આપવા સાથે વકૃત્વ સ્પર્ધાઓ, સરદાર સ્મૃતિ સચવાયેલ છે તેવા ખેડા - આણંદના સ્થાનોની મુલાકાત તથા અનુભવ કથન વગેરે પ્રવૃત્તિઓ વર્ષ દરમ્યાન કરવામાં આવી છે. ધરતીપુત્ર સરદાર ખેડૂતના દીકરા હોવાના નાતે ચરોતરની માટીના રંગ એટલે કે બ્રાઉન રંગની થીમ રાખેલ હતી.

ધર્મજ ડે માટેનો મુખ્ય કાર્યક્રમ ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ અંતર્ગત કાર્યરત "ઈન્ડેક્ષ્ટ સી"ના એક્ઝેક્યુટીવ ડાયરેક્ટર તથા સનદી અધિકારી ડૉ. સંજયભાઈ જોશીની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યો હતો. છ ગામ પાટીદાર સમાજ તથા ધરોહર ફાઉન્ડેશન ધર્મજના સયુંક્ત ઉપક્રમે યોજાતા આ કાર્યક્રમમાં ડૉ. સંજયભાઈ સાથે બંને સંસ્થાના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ તથા રાજેશભાઈ, રોહિતભાઈ (ગોગીભાઈ), મનીષભાઈ (મુખી), પટેલ પ્રિન્ટીંગ પ્રેસ પ્રા. લી. અમદાવાદના ઋષિકભાઈ પટેલે મંચ ઉપર સ્થાન શોભાવેલ.




**લેખક રાજેશ પટેલના 11મા પુસ્તક "આપણું ધર્મજ - આદર્શ ભારતીય ગામ 'નું વિમોચન**

વર્ષ 2009માં ત્રીજા "ધર્મજ ડે" પ્રસંગે ધર્મજ ગામ વિશે રાજેશ પટેલ લિખિત પુસ્તકના વિમોચન સાથે શરૂ થયેલ તેમની લેખનયાત્રાના ઉલ્લેખનીય કાર્ય સમાન તેઓના 11મા પુસ્તક "આપણું ધર્મજ - આદર્શ ભારતીય ગામ'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તક દાતા અજયભાઈ પટેલ તથા રોહિતભાઈ પટેલ દ્વારા તૈયાર કરાવી ધરોહર ફાઉન્ડેશનને આપવામાં આવેલ છે. જેની આવકમાંથી આગામી સમયમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ ગત વર્ષે ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવી હતી. જે નૈલેશભાઈ પટેલ દ્વારા અમેરિકા ખાતે "ધર્મજ રીયુનિયન" કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને ભેટ આપવામાં આવેલ છે. આ પ્રસંગે અર્ચનાબેન તથા દીકરી કુ. ધારા પટેલ લિખિત ચાર પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ચાલુ વર્ષે રાષ્ટ્ર ચેતનના ગાન વંદે માતરમની રચનાને ૧૫૦ વર્ષ પૂર્ણ થયેલ હોઈ ગામની વાત શરૂ કરતા પહેલાં કાર્યક્રમની શરૂઆતમાં પૂર્ણ વંદેમાતરમ ગાનથી કરવામાં આવી હતી. ત્યાર પછી ધર્મજ ગીતના ગાન સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાબ્દીક સ્વાગત હેમંતભાઈ પટેલે કર્યું હતું. મંચસ્થ મહેમાનોનું સ્વાગત સરદાર પટેલનું પુસ્તક આપી કરવામાં આવ્યું હતું. સાથે સાથે જાણીતા કલાકાર અપૂર્વ દેસાઈ દ્વારા બનાવેલ સરદાર પ્રતિમા ભેટ આપવામાં આવી હતી.

"ટીમ ધર્મજ"ના ઉત્સાહી સભ્ય રાજેશ પટેલે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે વર્ષ દરમ્યાન છ ગામ પાટીદાર સમાજ અને ધરોહર ફાઉન્ડેશન દ્વારા ધર્મજ કેળવણી મંડળ, ગામની અન્ય સંસ્થાઓ તથા ગ્રામજનોના સહકાર સાથે થયેલ વિવિધ પ્રવૃત્તિઓ અંગે સુંદર અહેવાલ આપવા સાથે આગામી સમયમાં કરવા ધારેલ કાર્યો અને કાર્યક્રમોની વિગતો રજુ કરી દેશ વિદેશથી પધારેલ ધર્મજીયનોને ગામની ગતિવિધિથી અવગત કરાવ્યા હતા.

આ વર્ષે સૌ પ્રથમ વખત "ધર્મજ ગૌરવ" એવોર્ડ સંસ્થાકીય સ્તરે આપવામાં આવેલ છે. આ પ્રેસની ૬૩ વર્ષની સફર અને ત્રણ પેઢીની મહેનતનું સન્માન "ધર્મજ ગૌરવ" એવોર્ડ એનાયત કરી કરવામાં આવેલ છે. જેનો સ્વીકાર કરતાં હાલના સંચાલક ઋષિકભાઈ પટેલે સમાજનો આભાર માન્યો હતો. અંતમાં આભાર વિધિ ધ ધર્મજ પીપલ્સ બેન્કના મેનેજર વિનોદભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. મેઘનાબેન જોષીએ કર્યું હતું.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદ શહેરની ગોકુલધામ સોસાયટીમાં પ્રિમીયર લીગ યોજવામાં આવી



**નડિયાદ** | નડિયાદ શહેરના વખતપુરા સીમમાં આવેલી ગોકુલધામ સોસાયટી દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાની 4 અને પુરૂષની 8 ટીમ અને 45 વર્ષની ઉપરના 2 ટીમે ભાગ લીધો હતો. આ તમામ ટીમે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંતમાં ફાયનલમાં વિજેતા ટીમને સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આયોજનમાં ભાગ લેનારા ખેલાડી, આયોજન કર્મ, સ્વયં સેવકો, સ્પોન્સર્સ તથા હાજર રહેનારા સભ્યોથી યાદગાર બન્યો હતો. આ ટૂર્નામેન્ટના અંતે ગોકુલધામ સોસાયટીના સભ્યોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

### આણંદના અમૂલ્ય સી.સી. ક્લબ દ્વારા 'નિવૃત્તિમાં રૂઆબથી જીવો' માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો




**આણંદ** | આણંદની અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા સંસ્થાના પ્રમુખ જયંતીભાઈ આર.શાહના અધ્યક્ષ સ્થાને વરિષ્ઠ નાગરિકો માટે નાણાકીય જાગૃતિ લાવતો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે નિષ્ણાત વક્તાઓએ દેશની અર્થવ્યવસ્થા, બચત યોજનાઓ અને એસઆઈપી (SIP) દ્વારા મળતા લાભો વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી સભ્યોની જિજ્ઞાસા સંતોષી હતી. આ કાર્યક્રમમાં આણંદ જિલ્લા બાર એસોસિયેશનના પ્રમુખ આર.ટી. શાહ સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ તકે જન્મદિવસ ધરાવતા સભ્યોનું સન્માન કરાયું હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી નરેન્દ્રભાઈ શાહે જ્યારે આભાર વિધિ અનિલભાઈ ગાંધીએ કરી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### મહેમદાવાદની ફાર્મસી કોલેજમાં આરટીઓ દ્વારા રોડ સેફ્ટી સેમિનાર યોજાયો




**મહેમદાવાદ** | મહેમદાવાદની એસ. એમ. શાહ ફાર્મસી કોલેજ ખાતે RTO કચેરી નડિયાદ દ્વારા રાષ્ટ્રીય રોડ સલામતી માસની ઉજવણીના ભાગરૂપે વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં આરટીઓ ઇન્સ્પેક્ટર જે.એ. પટેલ દ્વારા ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરી જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. આ સેમિનાર દરમિયાન રોડ સેફ્ટીના વીડિયો બતાવી વિદ્યાર્થીઓને માર્ગ સુરક્ષાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ક્વિઝના વિજેતા વિદ્યાર્થીઓને ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### મકર સંક્રાંતિ અને પ્રજાસત્તાક દિવસ નિમિત્તે વિશેષ અનુભવ મળે તેવું આયોજન

**વડોદરા** | મકર સંક્રાંતિ અને પ્રજાસત્તાક દિવસના તહેવારો નિમિત્તે એમેઝોન ઇન્ડિયાએ તેના ગ્રાહકો માટે 'ગ્રેટ રિપબ્લિક ડે સેલ 2026' ની જાહેરાત કરી છે. આ વેચાણ 16 જાન્યુઆરીના રોજ મધ્યરાત્રિથી (રાત્રે 12 વાગ્યાથી) શરૂ કરવામાં આવશે. આ વિશેષ શોપિંગ સેલ દરમિયાન સ્માર્ટફોન, ઇલેક્ટ્રોનિક્સ, ફેશન, બ્યૂટી, ઘર અને રસોડાની સામગ્રી તેમજ કરિયાણા સહિતની અનેક કેટેગરીમાં ગ્રાહકોને વિશાળ પસંદગી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગ્રાહકોના શોપિંગ અનુભવને વધુ સુલભ અને સ્માર્ટ બનાવવા માટે કંપનીએ AI આધારિત આધુનિક સુવિધાઓ પણ લોન્ચ કરી છે. જેમાં AI-સંચાલિત શોપિંગ આસિસ્ટન્ટ 'રુફસ', લેન્સ AI, રિવ્યૂ હાઇલાઇટ્સ અને 'વ્યૂ ઇન યોર રૂમ' જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે, જે ગ્રાહકોને ખરીદીનો યોગ્ય નિર્ણય લેવામાં મદદ કરશે. આ ઉપરાંત, પ્રાઇમ સભ્યોને સેલ દરમિયાન વધારાની બચતના વિકલ્પો પણ મળશે, જેનાથી તહેવારોની ખરીદી વધુ અનુકૂળ અને સરળ બનશે.

### સરદાર પટેલ યુનિવર્સિટીમાં અત્યાધુનિક ઉપકરણો પર ત્રિ-દિવસીય કાર્યશાળા યોજાઈ



**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા આર એન્ડ ડી સેલના સહયોગથી સંશોધન વિદ્વાનો માટે અત્યાધુનિક વિશ્લેષણાત્મક તકનીકો પર ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુજીસી-ડીએઇ ઇન્દોર અને આઈઆઈટી દિલ્હીના નિષ્ણાતોએ 50 જેટલા સહભાગીઓને રામન સ્પેક્ટ્રોસ્કોપી અને એક્સ-રે ડિફ્રેક્ટોમીટર જેવા જટિલ સાધનોનું પ્રાયોગિક સંચાલન અને ડેટા વિશ્લેષણ શીખવ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલે આ તાલીમને ટેકનિકલ જ્ઞાન અને વ્યવહારુ અનુભવ વચ્ચેના અંતરને દૂર કરવા માટે તેમજ સંશોધન કૌશલ્ય વધારવા માટે આશીર્વાદ પાઠવ્યા હતાં.

### કપડવંજમાં વલ્લભ સેવા કેન્દ્ર દ્વારા બહેનોને ધાન્ય કીટ - ગરમ ધાબળાનું વિતરણ કરાયું



**કપડવંજ** | કપડવંજમાં વલ્લભ સેવા કેન્દ્ર દ્વારા સ્વ. ઠાકોરલાલ નાનાલાલ શાહની પ્રેરણાથી સવાસો ગોળ કરવા પાટીદારની વાડી ખાતે 50મો ધાન્ય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ધનુરમાસના પવિત્ર દિવસોમાં આયોજિત આ કાર્યક્રમમાં 330 જેટલી જરૂરિયાતમંદ ગંગાસ્વરૂપ બહેનોને મગ, ચણાદાળ, સીંગદાણા, તેલ, શુદ્ધ ઘી અને ગોળ જેવી ખાદ્યસામગ્રીની કીટ અર્પણ કરવામાં આવી હતી. આ સાથે શિયાળાની ઠંડીને ધ્યાનમાં રાખીને બહેનોને મોજા તેમજ ગરમ ધાબળાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. સંજયભાઈ શાહ અને ગોપાલભાઈ શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સેવાયજ્ઞમાં અનેક દાતાઓ અને સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક સહકાર આપી સુંદર સેવાઓ આપી હતી.

### કપડવંજ શહેરમાં બ્રહ્માકુમારીઝ પરિવારનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો



**કપડવંજ** | કપડવંજની ઝુલેલાલ વાડી ખાતે આયોજિત કાર્યક્રમમાં કપડવંજ, કઠલાલ અને આસપાસના વિસ્તારોના બ્રહ્માકુમાર ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં માઉન્ટ આબુથી પધારેલા રાજયોગી બ્રહ્માકુમાર ભાનુભાઈએ માનસિક તણાવ અને ડિપ્રેશનથી મુક્તિ મેળવવા માટે યથાર્થ મેડીટેશન શીખવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેઓએ અજ્ઞાનતાના અંધકારમાંથી જાગી સ્વયંની ચેતનાને જગાડવા અને દુવાઓનું ખાતું વધારવા અનુરોધ કર્યો હતો, જે સંકટના સમયમાં મદદરૂપ થાય છે. આ કાર્યક્રમમાં રાજયોગ દ્વારા સર્વને શાંતિની અનુભૂતિ કરાવવામાં આવી હતી અને અંતમાં બ્રહ્માકુમાર પ્રભાતભાઈએ સર્વનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ગો.જો. શારદા મંદિરમાં વિદ્યાર્થીનીઓ માટે કેરિયર ગાઈડન્સ વર્કશોપ યોજાયો



**આણંદ** | આણંદની ગો. જો. શારદા મંદિર શાળામાં સાયકોલોજિસ્ટ નેહાબેન કાછીયા દ્વારા ધોરણ-10ની વિદ્યાર્થીનીઓ માટે કેરિયર ગાઈડન્સ અને મેન્ટલ હેલ્થ વર્કશોપનું સફળ આયોજન કરાયું હતું. આ વર્કશોપનો હેતુ SSC પરીક્ષાનો તણાવ ઘટાડવા અને વિદ્યાર્થીનીઓને ભવિષ્યના અભ્યાસ તથા કારકિર્દી અંગે યોગ્ય દિશા બતાવવાનો હતો. નિષ્ણાત દ્વારા પરીક્ષામાં ટેન્શન ફ્રી રહેવાની ટીપ્સ, સમય વ્યવસ્થાપન અને આત્મવિશ્વાસ વધારવાની રીતો વિશે ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડવામાં આવી હતી.

### આણંદમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ** | આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી. જી. જસાણીના માર્ગદર્શન હેઠળ વિદ્યાનગર GIDCની વીર એન્જિનિયરિંગ કંપનીમાં કર્મચારીઓ માટે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કર્મચારીઓને હેલ્મેટ અને સીટ બેલ્ટનો નિયમિત ઉપયોગ કરવા, ઓવરસ્પીડ ટાળવા તથા રોંગ સાઈડ કે નશો કરી વાહન ન ચલાવવા જેવી મહત્વની સુરક્ષા સૂચનાઓ આપવામાં આવી હતી. માર્ગ અકસ્માતમાં ઇજાગ્રસ્તોને તાત્કાલિક મદદ મળી રહે તે માટેની 'રાહવીર યોજના', આરટીઓ નિયમો અને વાહનના જરૂરી દસ્તાવેજો રાખવા બાબતે પણ કર્મચારીઓને માહિતગાર કરાયા હતા. ટ્રાફિક શાખા દ્વારા ફોટોગ્રાફ્સના માધ્યમથી નિયમોનું પાલન કરવાની સમજ આપી પોલીસ વિભાગને ટ્રાફિક કામગીરીમાં સહકાર આપવા ખાસ અપીલ કરવામાં આવી હતી.

### ઇન્ટેન્સ ટેક્નોલોજીસે FY26ના ત્રીજા ત્રિમાસિકમાં મજબૂત નાણાકીય અને વ્યાવસાયિક પ્રદર્શન નોંધાવ્યું

**વડોદરા** | કસ્ટમર કોમ્યુનિકેશન્સ, ડેટા મેનેજમેન્ટ અને પ્રોસેસ ઓટોમેશન ક્ષેત્રે અગ્રણી ઇન્ટેન્સ ટેક્નોલોજીસ લિમિટેડે નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ત્રિમાસિક (Q3) ના અનઓડિટેડ પરિણામો જાહેર કર્યા છે. આ સમયગાળા દરમિયાન કંપનીએ 3,400.90 લાખ (34 કરોડથી વધુ) ની કુલ આવક નોંધાવી છે, જે કંપનીની કામગીરીમાં મજબૂત સ્થિરતા દર્શાવે છે. કંપનીના નાણાકીય અહેવાલ મુજબ, Q3 FY26માં EBITDA 409.20 લાખ રહ્યો છે, જે 12 ટકાનો માર્જિન દર્શાવે છે. આ ઉપરાંત, કંપનીએ 231.69 લાખનો ચોખ્ખો નફો (PAT) પ્રાપ્ત કર્યો છે. વ્યાવસાયિક મોરચે પણ કંપનીએ નોંધપાત્ર પ્રગતિ કરતા NBFC અને ટેલિકોમ સેક્ટરમાં ત્રણ નવા ક્લાયન્ટ્સ મેળવ્યા છે, જેનાથી BFSI ક્ષેત્રમાં તેની પકડ વધુ મજબૂત બની છે. નોંધનીય છે કે, ઇન્ટેન્સ ટેક્નોલોજીસને ઓમડિયા યુનિવર્સના 2025-26 રિપોર્ટમાં ડિજિટલ એક્સપિરિયન્સ મેનેજમેન્ટ (DXM) ક્ષેત્રે સ્થાન મળ્યું છે. ડેટા સુરક્ષા અને નિયમનકારી પાલન ક્ષેત્રે કંપનીએ SOC 2 કંપ્લાયંસ અને CERT-In સર્ટિફિકેશન મેળવીને પોતાની વિશ્વસનીયતા સાબિત કરી છે.

### નડિયાદના હઠીપુરા પ્રાથમિક શાળામાં પતંગ અને ખાદ્યસામગ્રીનું વિતરણ કરાઇ



**નડિયાદ** | મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે હઠીપુરા પ્રાથમિક શાળાના બાળકોને દાતા વિજયભાઈ અને છાયાબેન કુશવાહ દ્વારા પતંગ, તલ-સીંગની ચીકી અને પફનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અન્ય દાતા કમલાબેન મેકવાન દ્વારા બાળકોને મમરાના લાડુ અને મીની કેક આપીને ઉત્તરાયણ પર્વની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. દાતાઓના આ ઉમદા સહયોગથી શાળાના બાળકોમાં પર્વને લઈને અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. આ શાળા પરિવાર અને વિદ્યાર્થીઓએ તમામ દાતાઓનોઆભાર વ્યક્ત કર્યો હતો.